



**નીતા અંબાણી પૂરપીડિતોની વ્હારે :** દેશના ટોચના ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના ધર્મપત્નિ નિતા અંબાણી અને તેમના પુત્ર અનંત અંબાણી બુધવારે બનાસકાંઠાના પુરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે પહોંચ્યા હતા. ૧૦ હજારથી વધુ ઘરવખરીની કીટ્સ તથા સહાય સામગ્રી લઈને આવેલા અંબાણી પરિવારના સભ્યોએ પૂરગ્રસ્તોને જાતે વિતરણ કર્યું હતું. આ ઉપરાંત અબોલ પશુઓને પણ ઘાસચારો નીરીને ગૌસેવાનો લાભ લીધો હતો. નિતા અંબાણીએ મિડિયા સાથે વાત કરતા જણાવ્યું હતું કે, અમે સરકાર સમક્ષ દરખાસ્ત કરશું કે પૂરગ્રસ્ત વિસ્તારોના ચાર ગામ રિલાયન્સ ફાઉન્ડેશન દત્તક લેવા માંગે છે. જો રાજ્ય સરકાર સંમતિ આપશે તો પૂરતા પ્રમાણમાં વિકાસ અને કલ્યાણના ભાવ સાથે ગામોનો વિકાસ કરવા અમે પ્રતિબદ્ધ છીએ. હેલીકોપ્ટરમાં કાંકરેજના થરા અને રાધનપુર પહોંચતા ગ્રામજનોને ભારે કૌતુક સર્જાયું હતું. જોકે, નિતા અંબાણી અને પરિવારે પૂરગ્રસ્તો સાથે લાગણીપૂર્વક ગુજરાતીમાં વાતચીત કરી શાંત્વના આપી હતી અને સહાય માટે તત્પરતા વ્યક્ત કરી હતી.

# દશામાની મૂર્તિ વિસર્જનથી બાલારામ બન્યું ગંદકીનું ધામ

પાલનપુર, તા. ૯

ઉત્તર ગુજરાતનું મીની કાશ્મીર ગણાતા બાલારામ મહાદેવ ખાતે 'દશામા'ની મૂર્તિઓનું વિસર્જન કરાતા બાલારામ ધામ ગંદકીના ધામમાં ફેરવાયું છે. સરકારના પ્રતિબંધ છતા પ્લાસ્ટિક ઓફ પેરીસની બનેલી મૂર્તિઓ બાલારામ નદીમાં પધરાવી દેવાતા નદીની સુંદરતાને ગ્રહણ લાગવાની સાથે લોકોની ધાર્મિક આસ્થાને પણ ઠેસ પહોંચી છે.



પ્રકૃતિના ગોદમાં બિરાજમાન બાલારામ મહાદેવ ખાતે બારેમાસ સહેલાણીઓ આવતા હોય છે. એમાંય વળી, શ્રાવણમાસમાં તો ભક્તિનું ઘોડાપુર ઉમટે છે. જોકે દશામાંના વ્રતની પુર્ણાહૂતિ ટાણે વ્રતધારી બહેનો દ્વારા બાલારામ નદીમાં દશામાંની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવ્યું છે. જેના પગલે ફેલાયેલી ગંદકીને કારણે શિવભક્તો સહિત સહેલાણીઓએ નારાજગી વ્યક્ત કરી હતી. નદીમાં ન્હાવાની મજા માણવા બાલારામ આવેલા બાલ શિવભક્તોએ આ ઘટનાને દશામાંના અપમાન સમી લેખાવી હતી.

સરકારે પ્રતિબંધ મુકયો હોવા છતાં બાલારામ નદીમાં મોટાપાયે પ્લાસ્ટિક ઓફ પેરીસની દશામાંની મૂર્તિઓ સહિતની પૂજા-સામગ્રીને પધરાવવામાં આવી છે. જે પગમાં ખુંદાતી હોઈ લોકોની ધાર્મિક લાગણી દુભાવાની સાથે નદી પણ પ્રદુષિત થઈ રહી હોવાની લાગણી કેટલાક શિવભક્તોએ વ્યક્ત કરી હતી.

આમ, દશામાંના ભક્તો જાણે-અજાણે બાલારામ નદીની દુર્દશા માટે જવાબદાર બન્યા છે, જેના કારણે દૂર-સુદુરથી બાલારામ નદીનું સાનિધ્ય માણવા આવતા શિવભક્તોમાં કચવાટની લાગણી જોવા મળી હતી.

# પ્રાંતિજમાં જુનાં આરામગૃહ ખાતે જુગાર રમતાં ત્રણ શુકનીઓ ઝડપાયા

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ જુના આરામગૃહ ખાતે ગંજીપાનાનો જાહેરમાં જુગાર રમતાં ત્રણ જુગારીઓ ઝડપાયા હતાં જેમાં પોલિસે અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

પ્રાંતિજ નાનીભાગોળ જુની આરામગૃહ ખાતે જાહેરમાં ભર બપોરે ખુલ્લી જગ્યામાં પૈસા પાનાથી તીન પત્તીનો હારજીતનો જુગાર રમતાં ત્રણ જુગારીઓની પ્રાંતિજ પોલિસે અટકાયત કરી હતી જેમાં ધનશ્યામભાઈ રમેશભાઈ ભોઈ, સુરજકુમાર લાલાભાઈ ભોઈ, પ્રમોદકુમાર અરવિંદભાઈ ભોઈ ત્રણેય રહે. શીંગોડી ભોઈવાસ પ્રાંતિજની પ્રાંતિજ પોલિસે ગંજીપાના સહિત દાવની રકમ ૬૫૦ સાથે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# અરવલ્લી જિલ્લામાં મગફળીના પાકનો ડોર નામની જીવાતે સોથ વળી દેતા ખેડૂતોની હાલત કફોડી

મોડાસા, તા. ૯

અરવલ્લી જિલ્લામા જુલાઈ માસના અંતમા મેઘરાજા સતત એક સપ્તાહ સુધી અનાધાર વરસતા અને રોદ્ર સ્વરૂપ ધારણ કરતા ભારે તારાજી સર્જાતા જિલ્લામા પાણી પાણી થયી ગયું હતું. ખેતરોમા ભારે માત્રામા પાણી ભરાતા જિલ્લાના મોટાભાગના ખેતરોમાં પાક નિષ્ફળ ગયો હતો અને આખે આખા ખેતરની જમીનો ધોવાઈ ગયી હતી. વરસાદની તારાજીથી બચી ગયેલા ખેડૂતોએ વાવેલી મગફળીના પાકમા ડોર નામની જીવાત પડતા અને કપાસમા ઈયળ દેખાતા કુદરતના બેવડા મારથી ખેડૂતોની હાલત દયનિય બની છે. ડોર જીવાતના પગલે ખેતરો સફાચટ થયી જતા ખેડૂતોએ રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે.

અરવલ્લી જિલ્લામા ખેડૂતોએ ખરીફ પાક મગફળીનું મોટાપાયે વાવેતર કર્યુ હતું. શરૂઆતના દિવસોથીજ મગફળીની વાવણી કરનાર ખેડૂતો પર કુદરત રૂઠી હોય તેમ સતત અઠવાડિયા સુધી ધોધમાર વરસાદમા ભારે નુકસાન ગયું હતું ત્યાર બાદ વરસાદે વિરામ લેતા ખેતરોમાં રહીસહી મગફળીના પાકમા ડોર નામની જીવાત સહીત કાતરા અને ઈયળે મગફળી અને ખેડૂતોનો પીછો ન છોડતા સંપૂર્ણ પણે મગફળીનો પાક નિષ્ફળ જતા ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. મોડાસા તાલુકા સહીત ઉમેદપુર-દધાલિયા પંથકમા તો મગફળી પાકના ઉભેઉભા ખેતરો તબાહ થયી ગયા છે.



અરવલ્લી જિલ્લાના ખેડૂતોએ મોંઘા બિયારણો,ખાતર અને દવાઓનો છંટકાવ, મજૂરીનો ભારે ખર્ચ કર્યા પછી મગફળીનો પાક નિષ્ફળ જતા ખેડૂતોની હાલત દયનિય બની છે અને દેવાના ઢગ નીચે દબાયી જતા જગતનો તાત મુશ્કેલીમા મુકાયો છે. અરવલ્લી જિલ્લા વહીવટીતંત્ર અને ખેતીવાડી વિભાગ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરી ડોર જીવાતનો ભોગ બનેલા ખેડૂતોને પ્રધાનમંત્રી પાક વીમા યોજના હેઠળ વીમો મળે એવી ઉગ્ર માંગ જિલ્લાના ખેડૂતો કરી રહ્યા છે.

## નાદરી-ચાંદીસણા પ્રાથમિક શાળામાં રક્ષાબંધનની ઉજવણી

ભિલોડા,તા.૯

નાદરી-ચાંદીસણા પ્રાથમીક શાળામાં ભાઈ-બહેનના પ્રતિક સમા રક્ષાબંધન પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ધોરણ.૧ થી ધોરણ.૮ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. શાળાની વિદ્યાર્થીની બાળાઓએ વિદ્યાર્થીઓને રાખડી બાંધી હતી. કાર્યક્રમમાં શાળાના તમામ સ્ટાફ પરીવારે ભાગ લીધો હતો. શાળાના આચાર્ય કોકીલાબેન ચૌધરી વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

# પ્રાંતિજના પોગલુ પાટીયા પાસે રાત્રીનાં સમયે બંદુકની અણીયે લૂંટના ચાર આરોપીઓમાંથી એક આરોપી ઝડપાયો

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાનાં નેશનલ હાઈવે આઠ પ્રાંતિજ ના પોગલુ પાટીયાં પાસે રાત્રીનાં સમયે એક કાર ચાલકને અજાણ્યાં મુસાફરોને કારમાં બેસાડવા મોંધા પડયા હતાં અને મુસાફરોના સ્વાંગમાં આવેલ ચાર લુંટારૂઓએ કારચાલકને બંદુક બતાવી લુંટ કરી હતી.

રાજસ્થાનનો કારચાલક આરજે-૧૨-સીએ-૧૨૭૦નો ચાલક તા. ૩-૮-૨૦૧૭ના રોજ રાજસ્થાનથી અમદાવાદ એરપોર્ટ ઉપર મુસાફરો મુકીને રાત્રીના સમયે પરત ફરી રહ્યો હતો તે સમયે તેને મોટા ચિલોડાથી ચાર મુસાફરોને પોતાની કારમાં લીફ્ટ આપી હતી અને કાર નેશનલ હાઈવે આઠ પ્રાંતિજના પોગલુ પાટીયાં પાસેથી પસાર થઈ રહી હતી તે સમયે મુસાફરોના સ્વાંગમાં બેઠેલ ચાર લુંટારૂ ઈસમો દ્વારા કારને પોગલુ પાસે રોડની સાઈડમાં કરાવી અને કારચાલકને બંદુક બતાવી કારચાલક પાસેથી ૩૦૦૦ રૂપિયા રોકડા જયારે કારચાલકે તેની પાસે રહેલ બધી રકમ જીવ બચાવવા આપી દીધી હતી અને કારચાલક દરવાજો ખોલી કાર મુકીને ભાગ્યો હતો અને રોડ ની સામેની સાઈડમાં રોડ ઉપર જઈને બુમાબુમ કરતાં સ્થાનિક લોકો તથા રોડ ઉપર અવર-જવર કરતાં લોકો દોડી આવ્યાં હતાં ત્યારે કારમાં રહેલ ચાર લુંટારૂઓ ઈસમો પણ કારમાંથી ઉતરીને ભાગી ગયાં હતાં.

# જમિયત ઉલમાં દ્વારા ધાનેરામાં સફાઈ બાદ લોકોને રોજગારી તેમજ નવું ઘર બનાવી આપશે

### હિન્દૂ મુસ્લિમ વચ્ચે ઉભી કરેલી દીવાલ તોડવા માટે હાથ કામગીરી હાથ ધરાઈ છે : જમિયત ઉલમાં

ધાનેરામાં પૂરને લઈ સમગ્ર ધાનેરા ગંદકીમાં ગરકાવ થયું હતું ધાનેરામાં ભારે રોગચાળો ફેલાવાની શંકાઓ સેવાઈ રહી હતી ત્યારે જમિયત એ ઉલમાં હિન્દ ધ્વરા ધાનેરા માં આવેલા મંદિર મસ્જિદ તેમજ ગરીબ લોકોના ઘર સહીત ધાનેરા શહેર ની સફાઈ હાથ ધરી હતી, સફાઈ કામ પૂર્ણ થતા આજે જમિયત ઉલમાં ધ્વરા ગરીબ લકોકો ને રોજગારી તેમજ મકાન બનાવી આપવાની કામગીરી હાથ ધરી છે ત્યારે લોકો ના આરોગ્ય ને ધ્યાન માં રાખી મેડિકલ કેમ્પ તેમજ એમ્બ્યુલસ સિવિધા પણ ફ્રી ચાલુ કરી છે.



ધાનેરામાં પૂરની પરિસ્થિતિ સર્જાતા લોકો ની સાથે સાથે અસન્ખ્ય પશુઓ પણ મોતને ભેટ્યા હતા ત્યારે અનેક લોકો એ રોજગારી ગુમાવી હતી તો કેટલાય પરિવાર ઘર વિહોણા બન્યા હતા અને પૂર બાદ ધાનેરા ગંદકીમાં ગરકાવ બન્યું હતું ગંદકી ને લઈ ધાનેરા માં ભારે રોગચાળો ફેલાવી શંકાઓ સેવાઈ રહી હતી ત્યારે જમિયત એ ઉલમાં હિન્દ ધ્વરા ધાનેરા માં આવેલા મંદિર મસ્જિદ અને ગરીબ લોકો ના ઘર સહીત ધાનેરા ની સફાઈ હાથ ધરી હતી અને તે સફાઈ કામ આજે પૂર્ણ થતા જમિયત ઉલમાં ધ્વરા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું એ તે કાર્યક્રમમાં જે લોકો લારી ઉપર મજૂરી કરી પોતાનું અને પોતાના પરિવાર નું ગુજરાન ચલાવતા હતા તેવા લોકો ની લારી પૂર માં તણાઈ ગઈ હતી અને ગરીબ લોકો રોજગારી ગુમાવી ઘરે બેઠા હતા તેવા લોકો ને નવી લારી માલ સમાન ભરી ને આપી હતી અને જે લોકોના ઘર પૂર માં ધરાશાય થયા છે તેવા લોકો ને ઘર બનાવી આપવાની તજવીજ હાથ ધરી હતી આટલું જ નહિ પણ લોકો ના આરોગ્ય ને ધ્યાન માં રાખી ધાનેરા સહીત ધાનેરા ના ગ્રામ્ય વિસ્તારો માં મેડિકલ કેમ્પ ચાલુ કાર્ય છે અને લોકો ને તાત્કાલિક સુવિધા મળી રહે તે માટે ફ્રી એમ્બ્યુલન્સ સેવા પણ ચાલુ કરી છે.

કાર્યક્રમ બાદ જમિયત ઉલમાં ધ્વરા એક પ્રેસ કોન્ફ્રન્સ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જણાવ્યું હતું કે અમે ધાનેરા ની સફાઈ બાદ અમે ધાનેરા ના લોકો ને સહાય પેટે ઘરવખરી નો સમાન આપ્યો હતો અને તે બાદ આજે લારીઓ માલ સમાન સહીત આપી છે અને અમે ધાનેરા માં અને ૫૦૦ થી વધુ લોકોને મકાન બનાવની કામગીરી હાથ ધરી છે.

# પાલનપુર તાલુકાના નાની ભટામલ ગામમાં ભૂંડનો આંતક

### ૪ લોકોને હડકાયું ભૂંડ કરડતાં પાલનપુર સિવિલમાં ખસેડાયા

પાલનપુર તાલુકાના નાની ભટામલ ગામમાં એક હડકાયા ભૂંડે આંતક મચાવ્યો છે. હડકાયું બનેલું ભૂંડ ૪ લોકોને કરડતાં તેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડવામાં આવ્યા હોવાના અહેવાલ સાંપડ્યા છે.

પાલનપુર તાલુકાના નાની ભટામલ ગામમાં એક ભૂંડ હડકાયું થયું છે. જે હડકાયા ભૂંડે ૪ લોકોને પોતાના નિશાન બનાવ્યા છે. હડકાયું ભૂંડ ૪ લોકોને કરડતાં તેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. હડકાયા ભૂંડના આંતકને પગલે ગ્રામજનો ફફડી ઉઠ્યા છે. ત્યારે ગ્રામજનોને હડકાયા ભૂંડના આંતકમાંથી જલ્દી છોડાવાય તેવી માંગ ઉઠી છે.

ઈજાગ્રસ્તના નામ : (૧)ચંદુજી ઉમેદજી ધૂંખ. ઉ.૫૦ (૨) બબાભાઈ ઉમેદજી ધૂંખ. ઉ.૪૫ (૩) અજમલસિંહ બાબુસિંહ ઠાકોર ઉ. ૧૪ (૪)પરબતજી ભાવસિંહ ચૌહાણ ઉ. ૪૫ તમામ રહે. નાની ભટામલ તા.પાલનપુર



ભિલોડા તાલુકાના પાલ્લા ગામની પાલ્લા આર.એસ.પટેલ વિદ્યાલયમાં રક્ષાબંધન પર્વની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો. શાળાની તમામ વિદ્યાર્થીનીઓએ એક સાથે તમામ વિદ્યાર્થીઓને રાખડી બાંધી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઈન્ચાર્જ બહેનો એચ.બી.પટેલ, એન.પી. પ્રજાપતીએ સુંદર આયોજન કર્યું હતું. વિદ્યાર્થીઓ ધ્વારા રક્ષાબંધન પર્વ નિમિત્તે ગીતો ગાઈ વાતાવરણને પ્રભાવિત કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા બદલ શાળાના આચાર્ય ગજાનંદભાઈ પ્રજાપતીએ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

# શિહોરી-પાટણ હાઈવે રોડ પર બાઈક અને ટ્રેક્ટર વચ્ચે અકસ્માત : બાઈકચાલક ગંભીર

શિહોરી, તા. ૯

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકાના મુખ્યમથક શિહોરીથી પાટણ જવાના રોડ ઉપર એક બાઈક અને ટ્રેક્ટર જઈ રહ્યા હતા ત્યારે બાઈકચાલક પુરઝડપથી ટ્રેક્ટરની સાઈડ મારવા જતાં ટ્રેક્ટરની કલ્ટીએ અથડાયો હતો અને જમીન ઉપર પટકાયો હતો. જો કે સ્થાનીકોએ ટ્રેક્ટર પાછળ કલ્ટી હોવાનું જણાવ્યું હતું. અને બાઈકચાલક જમનાપાદર ગામનો ઠાકોર કેશુજી બાલાજી ઉં.વ. ૩૫ને મોંઢાના ભાગે હાથે ગંભીર ઈજાઓ થવા પામી હતી.

જેથી એક રાહદારીએ ૧૦૮ શિહોરીને ફોન કરતા તાત્કાલિક શિહોરી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો અને સારવાર ડૉ. માનસુંગભાઈ ચૌધરીએ કરીને આંખના ભાગ બાજુ વધુ ઈજા હોવાથી પાટણ રિફર કરાયો હતો. આમ ઝડપની મજા મોતની સજા જેવા હાલ બાઈક ચાલકના થવા પામ્યા હતા. લોકોના ટોળા અને વાયુવેગે સમાચાર પ્રસરતા કાંકરેજના નોટરી મહેશભાઈ મકવાણા (વકીલ) ઈજાગ્રસ્ત પાસે દોડી આવ્યા હતા અને કેશુજીના સંબંધીઓને ટેલીફોન ઉપર જાણકારી આપી હતી. જોકે સમાચાર લખાયા ત્યાં સુધી કોઈ ફરિયાદ નોંધાવા પામી ન હતી. આમ પાટણ-શિહોરી રોડ ઉપર બાઈકચાલક ટ્રેક્ટર સાથે ટકરાતા અકસ્માત સર્જાયો હતો.



છેલ્લા ૨૪ વર્ષથી સમગ્ર વિશ્વભરમાં સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા ઉજવાતાં આજ ૯ મી ઓગસ્ટે વિશ્વ આદીવાસી દિવસની ઉજવણી વિશ્વભરમાં કરાઈ રહી છે. ત્યારે બનાસકાંઠા જીલ્લાની આ વિશ્વ આદીવાસી દિવસની ઉજવણી યાત્રાધામ અંબાજી ખાતે કરવામાં આવી છે. જેને જીલ્લાનાં પ્રયોજન વહીવટદાર એ. બી. પાંડોર તથા પ્રાંત અધીકારી બી. ડી. વાઘેલા તથા મામલતદાર હકુભાઈ કોદરવીએ દિપ પ્રગટાવીને ખુલ્લુ મુક્યુ હતુ. આ પ્રસંગે દાંતા અને અમીરગઢ તાલુકા વિસ્તારમાંથી મોટી સંખ્યામાં આદીવાસી લોકો ઉપસ્થીત રહ્યા હતા. આ પ્રસંગે આદીવાસી વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતીક કાર્યક્રમો પણ યોજાયા હતા અને આ વિસ્તારની આદીવાસી શૈક્ષણીક શાળાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ ઉચ્ચ ટકાવારી લાવનાર ને પ્રમાણ પત્ર સહીત સિલ્ડ અર્પણ કરાયાં હતા. ખાસ કરી ને આ વિસ્તાર નાં આદીવાસી લોકો માં ચડોતરા જેવી બદી ને ડામવાં ને વ્યસન મુક્ત બનવાં આગ્રહ કરાયો હતો. અને સરકાર ની વિવિધ યોજનાઓ નો ભરપુર લાભ લેવાં ને એક સંગઠીત રહેવાં આહવાન કરાયુ હતુ. મોટી સંખ્યા માં ઉપસ્થીત રહેલાં વિધ્યાર્થીઓ અને વાલીઓ ને જણાવાયુ હતુ કે સરકાર પહેલાં ધોરણ થી અનુસ્નાતક સુધી નાં અભ્યાસ માટે તમામ ખર્ચ સરકાર ભોગવતી હોય ત્યારે યુવાનો એ ભણવામાં ધ્યાન આપે તેવું પણ સુચન કરાયુ હતુ. આ પ્રસંગે આદીવાસી અગ્રણી ગમારામ ખરાડી, લાધુભાઈ પારઘી, ભોજાભાઈ તરાલ, મહેન્દ્રભાઈ બુંમડીયા વિગેરે આદીવાસી સમાજ ના અગ્રણીઓ ઉપસ્થીત રહ્યા હતા.

# ભિલોડા તાલુકા ભાજપ દ્વારા પુર અસરગ્રસ્તો માટે ઘરવખરીની વિવિધ ચીજવસ્તુઓ રવાના

ભિલોડા, તા.૯

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા ભાજપના હોદ્દેદારો,કાર્યકરો ધ્વારા બનાસકાંઠા જીલ્લાના પુર અસરગ્રસ્તો માટે ઘરવખરીની ચીજવસ્તુ જેવી કે ઘઉં, ચોખા, સાડીઓ, ચપ્પલ, નોટબુકો, સુકો ઘાસચારો સહિત વિવિધ ચીજવસ્તુઓ લઈ રવાના થયા હતા. આ પ્રસંગે હસમુખભાઈ મડીયા, રમેશભાઈ રાવલ, નીલાબેન મડીયા, રમીલાબેન ભગોરા, અમરતભાઈ બરંડા, મુકેશભાઈ મહેતા, ભવાનસિંહ ઠાકોર, બિપીનભાઈ, પટેલ સહિત ભાજપના હોદ્દેદારો, કાર્યકરો અને સેવાભાવી નવયુવાનો બનાસકાંઠા જીલ્લાના પુર અસરગ્રસ્ત પીડીતો માટે ઘરવખરીની વિવિધ ચીજવસ્તુઓ લઈ રવાના થયા હતા.

બનાસકાંઠા જીલ્લામાં મેઘરાજાએ કાળો કેર વર્તાવતાં કરોડો રૂપિયાનું નુકશાન થયેલ હોવાના કારણે સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકાના વિવિધ ગામડાઓમાંથી સેવાભાવી કાર્યકરો બનાસકાંઠા જીલ્લામાં પુર અસરગ્રસ્ત પીડીતોને ગામે ગામ સહાય ઠેર-ઠેર પહોંચાડી રહ્યા છે.